# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-03-2026** **Evening : 7.10 to 7.20 pm**

**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

1) **રાજ્યમાં ગેસની કોઇ અછત નહીં હોવાની સરકારની સ્પષ્ટતા ;નાગરિકોને અફવાથી દૂર રહેવાની અપીલ**
2) **પ્રમોલગેશન થયેલા ગામોની માપણીની ક્ષતિ સુધારણા માટે સમગ્ર રાજ્યમાં એક સમાન પદ્ધતિ લાવવાનો રાજ્ય સરકારનો નિર્ણય**
3) **સરકારે 34 અત્યાધુનિક મેટ્રો ટ્રેનસેટ્સ માટેનો ઓર્ડર આપ્યો..અમદાવાદ-ગાંધીનગરના મુસાફરોને મેટ્રોની વધુ ફ્રિકવન્સી મળશે**
4) **છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાતમાંથી નેશનલ હાઇવે પર 20 હજાર 383 કરોડ રૂપિયાનો ટોલ વસૂલવામાં આવ્યો હોવાનો રાજ્યસભામાં સરકારનો જવાબ**
5) **સુરેન્દ્રનગર અને રાજકોટમાં ગરમીનું રેડએલર્ટ જાહેર; દિવમાં સો વર્ષોની રેકોર્ડ બ્રેક ગરમી – અમદાવાદમાં હીટ એક્શન પ્લાન અમલમાં**

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# CABINET MEETING

સરકારે સ્પષ્ટતા કરી છે કે રાજ્યમાં ગેસની અછત નહીં સર્જાય. ગેસની અછત અંગે કોઇપણ અફવા તરફ ધ્યાન ન આપવા સરકારે લોકોને અપીલ કરી છે. આ અંગે કેબિનેટમાં થયેલી વિસ્તૃત ચર્ચાની વિગતો આપતા પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યુ હતું કે રાજ્યમાં ગેસની કોઇ અછત ન સર્જાય તે માટે રાજ્ય સરકારે આગોતરુ આયોજન કર્યું છે. આજે મળેલી કેબિનેટની બેઠકમાં લેવાયેલા નિર્ણયો અંગેની માહિતી આપતા તેમણે કહ્યું હતું કે કોર્મિશયલ એકમ માટે 80 ટકા ગેસ મળી રહે તેવી વ્યવસ્થા ઉભી કરાઇ છે. આજની કેબિનેટની બેઠકમાં તુવેરના ટેકાની ખરીદી થઇ રહી હોવાનું તેમજ ચણા અને રાંયડાની ખરીદી ટુંક સમયમાં શરૂ થશે તેમ પણ માહિતી આપી હતી.. ઉનાળાના સમયમાં રાજ્યમાં પાણીનો પુરતો જથ્થો ઉપલબ્ધ છે. અને પાણીની કોઇ સમસ્યા ન સર્જાય તેના માટે સરકાર સતર્ક હોવાનું પણ પ્રવક્તા મંત્રીએ જણાવ્યુ હતું.

# ASSEMBLY QUETIONERY-1

આજે વિધનસભામાં ધારાસભ્યો દ્વારા પૂછાયેલી પ્રશ્નોના સરકાર દ્વાર જવાબ આપવામાં આવ્યાં હતા.. વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડીયાએ જણાવ્યું હતું કે  ગુજરાતના ગ્રીન કવરમાં વધુને વધુ વધારો થાય તેવા આશયથી વૃક્ષોના ઉછેર અને જતન માટે વન વિભાગ દ્વારા વિવિધ યોજના હેઠળ રૂ.૧૦૦ થી રૂ.૨,૫૦૦ સુધીના ખર્ચની જોગવાઈ કરવામાં આવી છે.જેમાં ટ્રી ગાર્ડ લગાવવું, પાણી આપવું સહિત ત્રણ વર્ષ સુધી આ વૃક્ષની ઉછેર માટે કાળજી લેવામાં આવે છે.આ ઉપરાંત રાજ્યમાં જૂના હેરિટેજ વૃક્ષની જાળવણી માટે તેની ઓળખ કરીને ખેડૂતને વર્ષે અંદાજે રૂ. ૫,000/- સુધીનું વળતર આપવામાં આવે છે.

અન્ય એક પૂછાયેલા પ્રશ્નનો જવાબ આપતા સરકાર દ્વારા જણાવાયું હતુંકે આંબરડી સફારી પાર્ક માં પ્રવાસીઓનો ધસારો જોવા મળી રહ્યો છે.. છેલ્લા બે વર્ષ માં આંબરડી સફારી પાર્કમાં ૨.૦૭ લાખ પ્રવાસીઓએ મુલાકાત લીધી . પ્રવાસીઓની મુલાકાત થી પાર્કને રૂપિયા ૩.૫ કરોડ ની આવક થઇ હોવાનું સરકારે જણાવ્યું હતું.

વોટરશેડ યોજના થકી ગુજરાતમાં રૂ. ૬૮૭ કરોડથી વધુના ખર્ચે જળક્રાંતિ થઇ હોવાનું ગ્રામ વિકાસ મંત્રી કુંવરજી બાવળીયાએ જણાવ્યું હતું..

# ASSEMBLY QUETIONERY-2

રાજ્યમાં શ્રમ કાયદાઓના અસરકારક અમલીકરણ અંગેના સવાલનો જવાબ આપતા શ્રમ અને રોજગારી મંત્રી કુંવરજી બાવળિયાએ જણાવ્યુ હતું કે ર્ભે શ્રમિકોની ફરિયાદો અને રજૂઆતોના આધારે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૧૬૬, જામનગર જિલ્લામાં ૪૧૬ એકમોની રૂબરૂ ચકાસણી કરવામાં આવી હતી. જ્યારે ખેડા જિલ્લામાં ૬૬૭ એકમોની સ્થળ તપાસ કરી, ૭૩ કારખાનાઓને શો કોઝ નોટીસ આપવામાં આવી હતી.

# LAND MAPPING

રાજ્યના પ્રમોલગેશન થયેલા ગામોની માપણીની ક્ષતિ સુધારણા માટે સમગ્ર રાજ્યમાં એક સમાન પદ્ધતિ અને આયોજનબદ્ધ નિકાલ ભૂમિ સીમાંકનથી કરાશે. રાજ્ય સરકારે લીધેલા આ નિર્ણય અનુસાર જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં જિલ્લાઓમાં ભૂમિ સીમાંકન સમિતિ કાર્યરત થશે તેવો નિર્ણય કરાયો છે..પ્રમોલગેશન બાદ આવેલી ક્ષતિ સુધારણા અરજીઓના આયોજનબદ્ધ નિકાલ માટે સાત કેટેગરી નિયત કરવામાં આવી છે. ક્ષતિ સુધારણાના જટિલ પ્રશ્નોના ત્વરિત નિવારણ માટે મોબાઈલ મેજિસ્ટ્રેટ કોર્ટ સમિતિ નિયમ અનુસાર કાર્યવાહી કરી નિવારણ લાવશે તેમ પણ નક્કી કરાયું છે.

# METRO TRAIN SETS

રાજ્યમાં આગામી સમયમાં મેટ્રો રેલ નેટવર્ક હાલના 108 કિલોમીટરથી 190 કિલોમીટર સુધી વિસ્તારવામાં આવશે. રાજ્ય સરકારે 34 અત્યાધુનિક મેટ્રો ટ્રેનસેટ્સ માટે ઓર્ડર આપ્યો છે, જેમાં અમદાવાદ મેટ્રોના બીજા તબક્કા માટે 10 ટ્રેનસેટ અને સુરત મેટ્રો માટે 24 ટ્રેનસેટનો સમાવેશ થાય છે. વધુ  10 ટ્રેનસેટ્સનો ઉમેરો થવાથી અમદાવાદ અને ગાંધીનગરના મુસાફરોના પરિવહન માટે ટ્રેનની ફ્રીકવન્સી વધી જશે, ટ્રેનો માટે રાહ જોવાનો સમય ઘટશે અને મુસાફરોને વધુ સારી સુવિધા મળશે. હાલમાં, સુરત ખાતે 40.3 કિમી લાંબા મેટ્રો રેલ નેટવર્કનું બાંધકામ ઝડપથી આગળ વધી રહ્યું છે.

# AMBAJI MANDIR – DIGITAL

અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા અત્યાધુનિક મોબાઈલ એપ્લિકેશન તૈયાર કરવામાં આવી છે. બનાસકાંઠા જિલ્લા કલેકટર મિહિર પટેલે આ એપ્લિકેશનનું ઉદ્ઘાટન કરતાં જણાવ્યુ કે આ મોબાઈલ એપ્લિકેશન નિશુલ્ક બનાવવામાં આવી છે.

જેમાં યાત્રિકો દર્શનનો સમય, જનરલ ડોનેશન, સુવર્ણ શિખર દાન, ભોજનાલય માટે દાન, પ્રસાદની ઓનલાઇન બુકિંગ અને ઈ-સ્ટોર જેવી સુવિધાઓ મેળવી શકશે.

આ ઉપરાંત, બનાસકાંઠા જિલ્લા કલેકટર મિહિર પટેલે અંબાજી ચાચર ચોક ખાતેથી 'માતૃશક્તિ પોષણ' અને 'શ્રી શક્તિ વધામણા' કીટ વિતરણનો શુભારંભ કર્યો છે. આગામી 1 એપ્રિલ 2026 થી 31 માર્ચ 2027 દરમિયાન કુલ અઢાર હજાર કીટનું વિતરણ કરાશે. તેમણે આ અંગે વધુ માહિતી આપી ..

(BYTE : MIHIR PATEL, BANASKANTHA-COLLECTOR)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# GUJARAT TOLL TAX NATHWANI RAJYSABHA

છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાતમાંથી નેશનલ હાઇવે પર 20 હજાર 383 કરોડ રૂપિયાનો ટોલ વસૂલવામાં આવ્યો. રાજ્યસભાના સાંસદ પરિમલ નથવાણીએ પૂછેલા પ્રશ્નના જવાબમાં કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ રાજ્યસભામાં આ માહિતી આપી હતી.

NH-48ના વાપી-સુરત અને સુરત-ભરૂચના સ્ટ્રેચ વિશે માહિતી આપતા, મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સિક્સ-લેનિંગ કાર્ય પૂર્ણ થયા બાદ તે બધા રોડ હાલ પર્ફોર્મન્સ બેઝ્ડ રોડ મેન્ટેનન્સ કોન્ટ્રાક્ટ (PBMC) મોડ પર જાળવણી હેઠળ છે. 16 પુલ અને ફ્લાયઓવર તેમજ વાહન અંડરપાસના બાંધકામનું કામ પ્રગતિ હેઠળ છે, જે જાન્યુઆરી 2027 સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય છે.

# WEATHER

હવામાન વિભાગે રાજકોટ અને સુરેન્દ્ર નગરમાં ગરમીનું રેડએલર્ટ જાહેર કર્યું છે.. માર્ચ મહિનામાં દિવમાં  છેલ્લા 100 વર્ષ બાદ પહેલી વાર પારો 40ને પાર પહોંચ્યો હોવાનું હવામાન વિભાગના વડા એ કે દાસે જણાવ્યું હતું.. આવતીકાલે પણ રાજ્યમાં ગરમીનું મોજુ ફરી વળશે તેવી હવામાન વિભાગે આગાહી કરી હતી.

**( BYTE : A K DAS – DIRECTOR )**

# CHOTILA MAHOTSAV

સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા ખાતે આજથી બે દિવસ ચોટીલા ઉત્સવ 2026 નો પ્રારંભ થઈ રહ્યો છે, દરરોજ રાત્રે જુદાજુદા સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. સાંભળીએ આ અંગેનો વિસ્તૃત અહેવાલ..

**( VOICE CAST : DINESH PARMAR )**

# SC EUTHANASIA

સર્વોચ્ચ અદાલતે પહેલી વાર 32 વર્ષના એક વ્યક્તિને નિષ્ક્રિય ઈચ્છામૃત્યુની મંજૂરી આપી છે. અદાલતે ગત 12 વર્ષથી પણ વધુ સમયથી કોમા-માં રહેલા હરીશ રાણાના કૃત્રિમ જીવન રક્ષક યંત્રને હટાવવાની મંજૂરી આપી છે. ગાઝિયાબાદમાં રહેતા પંજાબ વિશ્વ-વિદ્યાલયના વિદ્યાર્થી હરીશ રાણા વર્ષ 2013માં પેઈન્ગ ગેસ્ટના ચોથા માળથી પડી જતાં તેમને માથામાં ગંભીર ઈજા થઈ હતી. ત્યારથી તેઓ કોમામાં છે.

ન્યાયમૂર્તિ જે. બી. પારડીવાલા અને ન્યાયમૂર્તિ કે. વી. વિશ્વનાથનની પીઠે દિલ્હી એઇમ્સ-ને હરીશ રાણાની સારવાર બંધ કરી શકાય એટલે તેમને ઉપશામક સંભાળ એકમ - PCUમાં દાખલ કરવાનો નિર્દેશ આપ્યો છે.

# CRIME BRANCH ARREST

અલગ અલગ બે ઘટનાઓમાં અમદાવાદમાંથી નશાકારક દ્રવ્યો વેચતા ચાર આરોપીઓ ધરપકડ કરાઈ છે. બાપુનગરમાં રહેતી એક મહિલાના ઘરમાંથી મોટા પ્રમાણમાં ગાંજો ઝડપાયો હતો. ગાંજો લઇને આવનાર અને મહિલાની ક્રાઇમ બ્રાંચે ધરપકડ કરી હતી જ્યારે અન્ય એક ઘટનામાં વસ્ત્રાલના રીંગ રોડ પરના એક કોમર્શિયલ કોમ્પલેક્ષમાંથી ડ્રગ્સ સાથે બે આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યાં છે.

# VATVA - DAHOD – RAILWAY STATION

‘અમૃત ભારત સ્ટેશન યોજના’ અંતર્ગત વટવા અને દાહોદ રેલવે સ્ટેશનનો પુનઃ વિકાસ કરવામાં આવશે, જે અંતર્ગત વટવા સ્ટેશનને 40 ફૂટ પહોળા એફઓબી અને લિફ્ટ જેવી અદ્યતન સુવિધાઓથી સજ્જ કરશે. વટવામાં મેગા કોચિંગ ટર્મિનલ બનશે અને અમદાવાદ મંડળમાંથી 150થી વધુ ટ્રેનોનું સંચાલન શક્ય બનશે. આ પ્રોજેક્ટ અંતર્ગત લગભગ 20 નવી પરીક્ષણ લાઈનો અને 40થી વધુ સ્ટેબલિંગ લાઈનોનું નિર્માણ કરવામાં આવશે. કુલ મળીને લગભગ 100 લાઈનોનું વિશાળ કોચિંગ કોમ્પ્લેક્સ વિકસાવવામાં આવશે, જે દેશના સૌથી મોટા ટર્મિનલોમાંથી એક બનશે.

જ્યારે દાહોદ અને લીમખેડા સ્ટેશન પર 12 મીટર ફૂટ ઓવેર બ્રિજનું કામ હાથ ધરવામાં આવ્યું છે. ઉપરાંત પ્લેટફોર્મ સરફેસની સુધારણા, ટોઇલેટ સુવિધા, એન્ટ્રી એક્ઝિટ દરવાજા બનાવવા જેવા વિવિધ કર્યો કરાશે.

# DAMAN HOUSE TAX

દમણ મ્યુનિસિપલ કોર્પોરેશને લાંબા સમયથી હાઉસ ટેક્સ ન ભરનારાઓ સામે કડક ઝુંબેશ શરૂ કરી છે. છેલ્લા ત્રણ વર્ષથી હાઉસ ટેક્સ ન ભરનારા મિલકત માલિકો સામે પ્રથમ તબક્કામાં કાર્યવાહી કરવામાં આવી રહી છે. પહેલા વાણિજ્યિક મિલકતો સીલ કરવામાં આવી રહી છે, ત્યારબાદ બીજા તબક્કામાં રહેણાંક મકાનો સીલ કરાશે.

મ્યુનિસિપલ કોર્પોરેશનના ડેટા અનુસાર, 20 હજાર 800 મિલકતો નોંધાયેલી છે, જેમાંથી આશરે 7 હજાર મિલકતો પર હાઉસ ટેક્સ બાકી છે. એક અંદાજ મુજબ હાલમાં, મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં 4 કરોડથી વધુ હાઉસ ટેક્સ બાકી છે.

# MORABI DEMOLITION

મોરબીના દલવાડી સર્કલ નજીક વન વિક વન રોડ અંતગત મહાનગરપાલિકા દ્વારા રોડ રસ્તા પરના દબાણો દૂર કરવાની કામગીરી કરવામાં આવી રહી છે. દલવાડી સર્કલથી પ્રધાનમંત્રી આવાસ સુધીના રોડ પર ૩૦ જેટલા ઝુપડાઓ દુર કરી રોડને ખુલ્લો મુકવામાં આવ્યો છે. તો, શનાળા ગામ નજીક પણ ત્રણ દુકાનોનું દબાણ દુર કરવામાં આવ્યું.